વડીલોને વંદન અભિનંદન

નટવરલાલ જાદવજી સોલંકી
(૧૯૩૬)ફોન: ૨૩૨૨૧૧૪૨

મદનસિંહ દિલીપસિંહ ઝાલા
(૧૯૫૧)ફોન: ૨૩૨૨૬૦૮૩

મકનસિંહ હઠીલા
(૧૯૪૪)

ધનસંચય જેવી યોજનાઓ બંધ થવી જોઈએ તેવી કોંગ્રેસે ચૂંટણી પંચ સમક્ષ કરેલી રજુઆત

ગાંધીનગર, તા.૧

આગામી લોકસભા ચૂંટણીની તૈયારી અને કામગીરીની સમીક્ષા માટે ગુજરાતના પ્રવાસે આવેલા નાયબ ચૂંટણી કમિશનર વિનોદ ઝુત્સી સમક્ષ ભાજપ અને કોંગ્રેસ સહીતના રાજકીય પક્ષોના પ્રતિનિધિ મંડળોએ રજુઆતો કરી હતી.

એક દિવસના ગુજરાત પ્રવાસે આવેલા નાયબ ચૂંટણી કમિશનર વિનોદ ઝુત્સી સમક્ષ આજે ગુજરાત કોંગ્રેસના પ્રતિનિધિ મંડળે એક આવેદનપત્ર આપીને એવી રજુઆત કરી હતી કે ચુંટણી પંચ દ્વારા મતદાન માટે જે મતદાર કાપલીઓ આપવામાં આવે છે તે ૮૦ ટકા મતદારોને જ આપવામાં આવે છે તો તમામે તમામ મતદારોને આવી મતદાર કાપલીઓ ચૂંટણીના આગલા દિવસ પહેલા આપવી જોઈએ.

આ ઉપરાંત કોંગ્રેસે એવી પણ રજુઆત કરી હતી કે કેટલાક રાજકીય પક્ષો તરફથી ધન સંચય જેવી વિવિધ યોજનાના નામે ચૂંટણી ફંડ એકઠું કરવામાં આવતું હોય છે. પરંતુ રાજકીય પક્ષો માટે આ ચૂંટણી ફંડ એકઠું કરવા માટે કમિશને ચોકકસ નિયમો બનાવવા જોઈએ કે જેથી કાળા ધનનો ઉપયોગ અટકી શકે અને રાજકીય પક્ષને મળતા ચૂંટણી ફંડની રકમનો અંદાજ આવી શકે.

પોલીંગ એજન્ટની નિમણુંક કરતાં પહેલાં તેની સામે કોઈ ગુન્હો થયેલ છે કે કેમ તે અંગે પોલીસનો અહેવાલ રજુ કરવાની ચૂંટણી પંચની સૂચના હતી તે રદ થયેલ હોય તો તેની પણ સ્પષ્ટતા થવી જોઈએ એવી પણ રજુઆત પણ કોંગ્રેસ દ્વારા કરવામાં આવી છે.

રાજકોટ ભાવનગર વચ્ચે કેટલાક મતદારોના સ્થળાંતર થયેલ છે તેવા મતદારોના નામો સંબંધિત મતદારયાદીમાંથી રદ કરવા જોઈએ કે જેથી ડુપ્લીકેટ મતદાન ન થઈ શકે. અમદાવાદમાં રહેતા કેટલાક મતદારો પાસે આવેલા પોતાના વતનના વિસ્તારોમાં આવું બોગસ મતદાન કરતા હોય છે કારણ કે ચૂંટણી પંચ દ્વારા નિયત આંગળી ઉપર જ શાહી લગાડવામાં આવે છે તે દૂર કરી દેવામાં આવે છે તેવી રજુઆત કોંગ્રેસે કરી છે.

શાહિબાગ એનેક્સીમાં દેશના નાયબ ચૂંટણી કમિશનરે પત્રકાર પરિષદ યોજીને લોકસભા ચૂંટણીના સંદર્ભમાં માહિતી આપી હતી.

મેમદપુર ગામે પોલીસ કોન્સ્ટેબલે ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

પ્રાંતિજ, તા.૧

પ્રાંતિજ તાલુકાના મેમદપુર ગામના વતની પોલીસ કોન્સ્ટેબલ પ્રધાનસિંહ રતનસિંહ પરમાર (ઉ.વ.૪૦)એ ખેતરમાં ઈલેકટ્રીકના થાંભલે ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું હતું. પ્રધાનસિંહ અમદાવાદના વટવામાં પોલીસ કોનસ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા અને હાલ ત્રણ દિવસની રજા લઈને વતન આવ્યા હતા. તેઓ નરોડા ખાતે પોલીસ કવાટર્સમાં રહેતા હતા અને કોઈ અગમ્ય કારણોસર તેમણે આત્મહત્યા કરી જીવનનો અંત આણ્યો હતો. પ્રાંતિજ પોલીસે રમેશસિંહ રતનસિંહ પરમારની ફરિયાદના આધારે આત્મહત્યાનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

બનાસકાંઠામાં રેવન્યુ તલાટીની નોકરી માટે ૫૮૬૭૪ જેટલા ફોર્મ ભરાયા

ફોર્મની ફી ની આવક ૪૫ લાખથી વધુ સરકારની તિજોરીમાં જમા થઈ

સરહદી બનાસકાંઠા જિલ્લામાં શિક્ષિત બેરોજગારોની સંખ્યામાં દિન પ્રતિદિન વધારો જોવા મળી રહ્યો છે. તાજેતરમાં રાજય સરકાર દ્વારા રેવન્યુ તલાટી માટે ૧૫૦૦ જગ્યાઓ ખાલી પડી હતી જેને લઈને રાજયભરમાં ફોર્મ ભરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. બનાસકાંઠા જિલ્લામાં તા. ૧૬-૧-૨૦૧૪થી ૩૧-૧-૨૦૧૪ થી જિલ્લાની બત્રીસ બ્રાન્ચ પોસ્ટ ઓફીસમાં ફોર્મ ભરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ઉમેદવારોનો વધુ ધસારો હોવાથી પોલીસ જવાનો પણ તૈનાત કરવામાં આવ્યા હતા. જો કે રાજય સરકારે પંદરસો રેવન્યુ તલાટીઓની ખાલી પડેલી જગ્યા સામે બનાસકાંઠા જિલ્લામાંથી અઠાવન હજારથી વધુ જેટલા ઉમેદવારોએ અરજી કરી છે ત્યારે એ વાત

ચોકકસ સાબિત થાય છે કે રાજય સરકારે ભલે યુવાનો માટે રોજગારી તકો ઉભી કરી હોય તેવા બણગા ફુંકતી હોય પરંતુ આજે પણ શિક્ષિત બેરોજગારો રોજગારી માટે કાગ ડોળે રાહ જોઈને બેઠા છે. બનાસકાંઠા જિલ્લામાં રેવન્યુ તલાટીની ખાલી પડેલી જગ્યા સામે જિલ્લામાંથી અઠાવન હજારથી વધુ શિક્ષિત ઉમેદવારો હાલ તો ભલે નોકરી મેળવવા અરજી કરી હોય પરંતુ સરકારની તિજોરીમાં પિસ્તાલીસ લાખથી વધુ જેટલી રકમ જમા થઈ ગઈ છે.

ડીસામાં ગુનાખોરી ડામવા જીલ્લા કલેકટરના જાહેરનામાનો ભંગ કરતા વેપારીઓ પર તવાઈ

પોલીસ દ્વારા ૧૨ વેપારીઓ સામે કાયદેસરની કાર્યવાહી

ડીસા, તા. ૧

ડીસા શહેરમાં જીલ્લા મેજીસ્ટ્રેટના જાહેરાત નામાનો ભંગ કરતા વેપારીઓ સામે પોલીસે કાર્યવાહી કરતા વેપારીઓમાં ફફડાટ મચી જવા પામ્યો હતો. પોલીસે રજીસ્ટર નહી નિભાવતા ચાર મોબાઈલના વેપારીઓ, બે ગેરેજવાળા અને જવેલર્સમાં સીસીટીવી કેમેરા નહી લગાવનાર બે સોની સામે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ડીસા શહેરમાં જીલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરતા વેપારીઓ સામે પોલીસે તવાઈ હાથ ધરી હતી. શહેરમાં વિવિધ પ્રકારની ગુનાખોરીનો અંત આવે તે માટટે પોલીસ દ્વારા કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. ડીસા શહેર ઉત્તર પોલીસ મથકના પી.એસ.આઈ. આસોડીયા તથા તેમની ટીમ દ્વારા ડીસાના જુના બસસ્ટેન્ડ વિસ્તારમાં આવેલ ઓમ ચામુંડા મોબાઈલ, એકતા મોબાઈલ, શિવ મોબાઈલ, તેમજ બાલાજી મોબાઈલ નામની દુકાનોમાં તપાસ હાથ ધરતાં તેમાં રજીસ્ટ્ર નિભાવ્યા અંગેનો રેકર્ડ નહી મળતાં તેમની વિરૂધ્ધ કાર્યવાહી હાથ ધરી હતી. જયારે સોની બજારમાં દુકાનો ધરાવતા અને દુકાનોમાં સીસીટીવી કેમેરા નહી લગાવનાર બે સોનીઓ અને બાઈક લે-વેચનું રજીસ્ટ્ર નહી નિભાવતા બે ગેરેજવાળા સામે પણ કાર્યવાહી હાથ ધરી હતી. જયારે બસ સ્ટેન્ડમાં ઉભા રહી ગેરકાયદેસર પેસેન્જર ભરતા જીપ ચાલકો સામે પણ કાર્યવાહી હાથ ધરી હતી. આમ જીલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરતા ૧૨ જણા વિરૂધ્ધ જાહેરનામા ભંગની કલમ ૧૮૮ મુજબ કાર્યવાહી હાથ ધરી હતી.

મુખ્યમંત્રીના હસ્તે શિવાર્પણ વિધિ અને પુજન વિધિ

અમદાવાદ, તા.૧

મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે સોમનાથ મહાદેવના દર્શન અને પુજા અર્ચના કર્યા બાદ શાસ્ત્રોકત વિધિ અનુસાર સુવર્ણકામની શિવાર્પણ વિધિ કરી હતી.

સોમનાથ મંદિરનો સુવર્ણયુગ ફરી આવ્યો છે. ૫૭ કિલો સોનું મંદિરના ગર્ભગૃહ અને શિખર પર ત્રિશુલ કળશરૂપે ચઢાવવામાં આવ્યું છે. દાતાશ્રી દિલીપભાઈ લખી પરિવાર દ્વારા સુવર્ણદાન કરાયું છે.

મુખ્યમંત્રીશ્રીએ શિવપૂજા સાથે સુવર્ણ કળશની શિવાર્પણ વિધિ કરી ધન્યતા અનુભવી હતી. બાદમાં મુખ્યમંત્રીશ્રીએ સોમનાથ મંદિરની સામે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને માલ્યાર્પણ કરી શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતા.

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં આવેલ બોભા ગામે આજે સત કેવલ મંદિરેથી દર વર્ષની માફક આ વર્ષે પણ બેન્ડવાજા સાથે શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આ શોભાયાત્રામાં પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, તાલુકા સદસ્ય વિક્રમસિંહ રાઠોડ તેમજ બોભા સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારના સતકેવલ સંપ્રદાયના મોટી સંખ્યામાં હરિભક્તો જોડાયા હતા. આ પ્રસંગે હરિભક્ત આતુસિંહ રાઠોડે ૧૦૦ કિલો ચોખ્ખા ઘીનો શીરો બનાવી ગામના શ્વાનોને ખવડાવ્યો હતો. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

ખેડબ્રહ્મા નગરપાલિકાનું ૨૨.૫૪ કરોડનું વિકાસલક્ષી બજેટ સર્વાનુમતે મંજુર

ખેડબ્રહ્મા, તા.૧

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા નગરપાલિકાને મળેલી બજેટ માટેની સામાન્ય સભામાં રૂ. ૨૨.૫૪ કરોડની માતબર રકમનું વિકાસલક્ષી બજેટ સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યું. જેને શાસક પક્ષ તેમજ વિરોધ પક્ષના સભ્યોએ આવકારીને સર્વાનુમતે મંજુર રાખેલ છે. નગરપાલિકાના પ્રમુખ વિનોદભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળેલ બેઠકમાં કારોબારીના ચેરમેન અરવિંદભાઈ ઠકકરે સને ૨૦૧૪-૧૫નું રૂ. ૨૨,૫૪,૩૬,૦૦૦નું અંદાજપત્ર રજુ કરેલ હતું. જેને ઉપપ્રમુખ હિતેષભાઈ દિક્ષિક તેમજ અન્ય શાસક પક્ષના સદસ્યો તેમજ વિરોધ પક્ષના સદસ્યોએ પણ બહાલ રાખી હકારાત્મક વલણ દર્શાવ્યું હતું. ખેડબ્રહ્મા શહેરના વિકાસ માટે પાણી પુરવઠાના અંદાજે ૧ કરોડ જાહેર વિકાસના કામો માટે ૯.૮૫ કરોડના કામોનો તેમજ આરોગ્ય વિભાગમાં અંદાજે ૧ કરોડના કામોનો સમાવેશ થાય છે.

આમ, ૬.૧૭ કરોડનું પુરાંત વાળુ વિકાસલક્ષી બેજટ સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યું હતું. વિશેષમાં ખેડબ્રહ્મા નગરમાં હરણાવ નદીના કિનારે રિવરફ્રંટના કામે ૨ કરોડ ૪૦ લાખના કામોને વહીવટી મંજુરી મળતા સમગ્ર શહેરમાં હર્ષની લાગણી ફેલાયેલ છે. જેનો ટેન્ડરીંગ કરી દેવામાં આવેલ છે. અને તાત્કાલીક કામો ચાલુ કરી યાત્રાળુ તેમજ લોકોને લાભ મળે તે માટે નગરપાલિકાના તમામ સદસ્યો દ્વારા પ્રયાસ કરવામાં આવશે. વિરોધ પક્ષના નેતા પ્રવિણસિંહ સોલંકી તેમજ મુખ્ય અધિકારીશ્રી હરિશ અગ્રવાલ અને ઈન્ચાર્જ હિસાબી અધિકારી એસ.પી. પરમાર તેમજ નગરપાલિકાનો સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

શબ્દાવલી - ૫૩૦૧



આડી ચાવી

૧. ખોબો, પોશ (૩)
૩. કવિતાની રચના કરનાર પુરૂષ (૨)
૬. જનતા, લોક (૨)
૭. બળજબરી, બળનો ઉપયોગ (૫)
૯. એક ફળનું નામ (૪)
૧૦. પહોંચ, ગુંજાશ (૨)
૧૧. કરડવું, ... મારવો, દંશ(૨)
૧૩. ચીરી કે ફાડી નાંખવું તે(૪)
૧૫. ફુલની ચાદર, ઘોડા કે હાથી પર નાંખવાની ચાદર (૩)
૧૭. સ્ત્રીધન, દહેજ (૩)
૧૮. અપ્રમાણિક, ખોટા બોલુ(૩)
૨૦. ઓછું (૨)
૨૧. સાવ શૂન્ય સ્થાન, ખાલી(૫)

ઊભી ચાવી

૧. હનુમાનજીની માતા (૩)
૨. જનમેદની, લોકોની સમુહ (૬)
૩. ચાવી, યુક્તિ (૨)
૪. બ્રાહ્મણ (૨)
૫. પ્રસિદ્ધ, જગમા જાણીતું(૫)
૭. ટોર્ચ, લાઇટ (૨)
૮. સાધન, મેળાપ (૨)
૧૨. વાંસની ચીપ (૩)
૧૩. કરૂણ, હૃદય ચીરી નાખે તેવું (૪)
૧૪. શઠ, ધૂર્ત (૨)
૧૯. બંધન, જકડવું તે, ... માં લેવું (૨)

શબ્દાવલી ૫૩૦૦ના જવાબ

આડી ચાવી :- (૧) ગગન (૩) સિફત (૬) નિર્જળા (૮) નાકાબંધી (૧૨) પસવારવું (૧૩) લોભ (૧૫) રીત (૧૭) તલાટી (૧૮) સર્વત્ર (૧૮) સર્વત્ર (૧૯) રીમ (૨૦) અથાગ (૨૨) પાપડખાર

ઊભી ચાવી :- (૧) ગર્જના (૩) ગળાકાપ (૪) ફટકવું (૫) તક (૭) સંધીવાત (૧૦) બંસરી (૧૧) લીલોતરી (૧૪) ભલામણ (૧૬) પત્રકાર (૧૮) સગડ (૨૦) અપા (૨૧) થાય

રખિયાલમાં રીક્ષા પલટી ખાઈ જતાં ત્રણને ગંભીર ઈજા

તલોદથી રખિયાલ ગામે મૃતક બહેનના કારજ પ્રસંગેજઈ રહેલા ક્ષત્રિય પરિવારને અકસ્માત નડતા ૩ વ્યક્તિઓને નોંધપાત્ર ઈજાઓ થવા પામી હતી. ઓટોરીક્ષામાં ઈ રહેલા આ પરિવારને રીક્ષા પલટી ખાઈ જતા અકસ્માતનો ભોગ બનવું પડ્યું હતું.

રખિયાલ સ્ટેશનથી ગામ તરફ જવાના માર્ગપર રાજસ્થાન સ્કૂલની સામે બનેલ અકસ્માતના આ બનાવમાં પ્રભાતસિંહ બળદેવસિંહ ઝાલા (ઉં.વ.આ.૬૦), તેમના પત્નિ હંસાબેન (ઉં.વ.આ.૫૭) અને પુત્રવધૂ હિરલ દશરથસિંહ ઝાલા (ઉં.વ.આ.૨૮)ને માથા, ચહેરા અનેશરીરના ભાગેગંભીર ઈજાઓ થતા ૧૦૮માં ગાંધીનગર સીવીલ હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા. જો કે ગાંધીનગર સિવિલમાં સીટી સ્કેન મશીન ખોટકાતા ઈજાગ્રસ્તોને અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા. અકસ્માતના આ બનાવમાં ફરિયાદ નોંધવામાં રખિયાલ પી.એસ.ઓ.એ ગલ્લાતલ્લા કર્યા બાદ ફરિયાદ નોંધી હતી. ચાલકનું નામઠામ જણાવવા છતાં એફ.આઈ. આર.માં તેનો ઉલ્લેખ કર્યો નહોતો. વિકટ સંજોગોમાં પોલીસે અણછાજતુ વર્તન કરતા બાબત ચર્ચાને ચકડોળે ચઢી હતી.

ડીસામાં સગીરાને ભગાડી બળાત્કાર કરનારને સાત વર્ષની સખ્ત કેદ

ડીસા, તા. ૧

ડીસા તાલુકાના ચૌદ વર્ષની સગીર યુવતીને લલચાવી-ફોસલાવી ભગાડી લઈ જઈને બળાત્કાર કરાયાના ગુનાસર ડીસા ટ્રાયલ કોર્ટના નામદાર ત્રીજા એડીશનલ જજે આરોપીને સાત વર્ષની સખ્ત કેદ અને રૂપિયા પાંચ હજારનો દંડ ફટકાર્યો હતો.

ડીસા રૂરલ પોલીસ સ્ટેશન મથકના ગ્રામ્ય વિસ્તારના એક પરિવારની માત્ર ૧૪ વર્ષની સગીરાને આરોપી પ્રવિણજી લાલજી ઠાકોર (ઉં.વ.૩૦) લલચાવી ફોસલાવીને ભગાડી ગયો હતો. પાટણ જિલ્લાના વાગદોડ તાલુકામાં આવેલ કોઈટા ગામના રહેવાસી પ્રવિણજી વિરૂદ્ધ ઈ.પી.કો. કલમ ૩૬૩, ૩૬૬ અને ૩૬૭ હેઠળ ફરિયાદ નોંધાઈ હતી. કુકર્મ કર્યા બાદ રાજસ્થાન તરફ ભાગી ગયેલા આરોપીને પોલીસે છ માસ બાદ ઝડપી તેની વિરૂદ્ધ કોર્ટમાં ચાર્જશીટ રજૂ કર્યું હતું. કેસ ત્રીજા એડીશ્નલ સેશન્સ જજની કોર્ટમાં ટ્રાયલ પર આવતા નામદાર જજ એસ.એમ. સીંગલ દ્વારા સાત વર્ષની સખ્ત કેદ તથા રૂપિયા પાંચ હજારના દંડની સજા સંભળાવાઈ હતી. ચુકાદો સંભળાવતી વખતે જજે ગુનેગારને જંગલી પ્રાણી સાથે સરખાવતા ગુનેગારની હાજરીથી સમાજ જીવનમાં શાંતિ ડહોળાતી હોય છે તેથી કેદની સજા ફટકારવી જરૂરી જણાવી હતી. ચુકાદાથી પીડિતના પરિવારે ન્યાય મેળવ્યાની રાહત અનુભવી હતી.

પંચની તાકિદ

● *અનુસંધાન પહેલાનું ચાલુ*

સ્કવોડની રચના પણ કરવામાં આવનાર છે. જે ફરિયાદ મળતાં જ સ્થળ પર પહોંચી જશે.

લોકસભાની ચૂંટણી માટેના ઈવીએમની ચકાસણી અને અન્ય આનુસંગિક કામગીરી ઝડપથી પૂર્ણ કરવા તંત્રને જણાવી દેવામાં આવ્યું છે. પંચ દ્વારા ટૂંકમાં જ એક વિશેષ હેલ્પલાઈન શરૂ કરવામાં આવશે.

રાજયમાં એક કરોડ જેટલા યુવા મતદારો નોંધાયા છે. તેમણે જણાવ્યું હતું કે મતદાર યાદી પ્રસિદ્ધ થઈ ચુકી છે તેથી તેમાં નામ દાખલ થયું છે કે નહિ તે દરેકે ચકાસી લેવુ જોઈએ. મતદારયાદીમાં નામ દાખલ કરવા માટેની પ્રક્રિયા ચાલુ જ છે.

ચૂંટણીની આદર્શ આચારસંહિતાના અમલ માટે પણ પંચ આ સામાન્ય ચૂંટણીમાં વધુ આગ્રહી બનશે. આ માટે રાજકીય પક્ષો અને ઉમેદવારોને પણ સમયાંતરે જરૂરી સમજ આપવામાં આવશે.

આ સામાન્ય ચૂંટણીઓની તૈયારીના ભાગરૂપે નાયબ ચૂંટણી કમિશનરશ્રીએ રાજયના તમામ કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીઓ તેમજ પોલિસ અધિક્ષકશ્રી અને સંબંધિત પોલિસ કમિશનરશ્રી સાથે પણ ચૂંટણીની તૈયારી અંગે ચર્ચા વિચારણા કરેલ. અને જિલ્લા કક્ષાએ કરવામાં આવેલ ચૂંટણીની તૈયારીની જીલ્લાવાર સમીક્ષા કરીને, રાજયમાં નિષ્પક્ષ અને ન્યાયી ચૂંટણીઓ યોજાય તે અંગેના તકેદારીના તમામ પગલાં લેવા સુચના આપી હતી.

વધુમાં આગામી લોકસભાની સામાન્ય ચૂંટણીઓ અંગે કાયદો અને વ્યવસ્થા માટે ગુજરાતના મુખ્ય ચૂંટણી અધિકારીશ્રી, અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ), સચિવશ્રી (કાયદો અને વ્યવસ્થા), અધિક પોલીસ મહાનિર્દેશક તેમજ પોલીસ મહાનિર્દેશક (કાયદો અને વ્યવસ્થા) સાથે ચૂંટણી દરમ્યાન સુરક્ષા અંગે તકેદારી માટે લેવાના પગલાંની વિસ્તૃત સમીક્ષા પણ કરવામાં આવી હતી. તેમજ મુકત અને ન્યાયી વાતાવરણમાં લોકસભાની ચૂંટણી યોજાય તેવા તમામ તકેદારીનાં પગલાં લેવા સંબંધિતોને સૂચના આપી હતી.

નાયબ ચૂંટણી કમિશનરશ્રીએ સાંજે પત્રકારો પરિષદ સંબોધીને આગામી સામાન્ય ચૂંટણીઓ માટેની પંચની સજ્જતા અંગે જાણકારી આપી હતી.

વૃદ્ધને ધ્વારે

● *અનુસંધાન છેલ્લાનું ચાલુ*

બિરદાવવા જેવુ છે. બે દિવસ થઈ ગયા ને હજુ તેઓ તેમના પરિવારને પોલીસની મદદ લઈને મનાવી રહ્યા છે અને સાથોસાથ કાકાની માવજત પણ કરી રહ્યા છે..!

શહેરમાં રહેતી યુવતી મનીષા એમ. માલવીયાએ પથિકાશ્રમ પાસે વૃદ્ધ કાકાને સરનામુ પુછતા જોયા અને નિરાધાર, એકલા, અશકત કાકાને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જઈ સારવાર કરાવી. હાયપર ડાયાબિટીસ આવ્યું...! બોલી પણ શકતા ન હતા...! સારવાર ચાલુ કરાવીને યુવતીએ તેના બે મિત્રો વિપુલ દત્તાણીયા અને રાહુલ પરમારને બોલાવી મદદ કરવા કહ્યું ! ત્રણેય જણાએ વારાફરથી તેમની સાથે રહીને સારવાર ચાલુ રખાવી. બપોર સુધીમાં સારૂ થયું એટલે જરાક બોલતા થયા. નવા નરોડાનું સરનામુ આપીને કહ્યું કે તે પોતે ૭૫ વર્ષના છે અને નામ અનિલભાઈ દવે છે. વૃદ્ધ કાકા પેથાપુરના વૃદ્ધાશ્રમથી નીકળીને આવી ગયા હોવાનું જાણવા મળતા પરત મુકવાના પ્રયત્નો પણ ત્રણેય કર્યા. પોલીસ પાસે ગયા અને પરિવાર સુધી પહોંચાડવા કહ્યું. સે. ૭ પોલીસે સહકાર આપીને નરોડા પોલીસનો સંપર્ક કરી કાકાએ જણાવેલ સરનામા પર તપાસ કરાવી અને તેમના ભાણાનો નંબર મેળવ્યો હતો. પોલીસે ફોન કરીને કાકાની સ્થિતિ જણાવી તો કોઈ પૂરક પ્રશ્ન કરવાને બદલે જવાબ આપ્યો કે 'તમને મળ્યા છે તો હું શું કરું ?' જ્યાંથી મળ્યાં ત્યાં પાછા મુકી આવો...' તરછોડી દેવાયેલા કાકાની સ્થિતિ સમજાઈ શકે તેમ હતી. પોલીસે કડકાઈથી વાત કરતા તેમને લેવા આવવાનું કહ્યું પણ મોડી સાંજ સુધી કોઈ વૃદ્ધ કાકાને લેવા આવ્યા ન હતા. આ હૃદયદ્રાવક કિસ્સામાં ગાંધીનગરની યુવતી અને બે યુવકોની ભુમિકા પ્રેરણારૂપ તથા બિરદાવવાલાયક છે.

પી. એસ. આઈ. ને બઢતી

● *અનુસંધાન છેલ્લાનું ચાલુ*

જિલ્લામાંથી ગાંધીનગર જિલ્લામાં આવ્યા છે.

ગઈકાલે રાજયના ૧૧૭ પી.એસ.આઈ.ને પી.આઈ. તરીકે બઢતી આપવામાં આવી હતી. જેમાં ગાંધીનગર જિલ્લાના ૯ પી.એસ.આઈ. બઢતી સાથે અન્ય જિલ્લામાં ગયા છે જ્યારે બીજા જિલ્લામાંથી એક પી.એસ.આઈ. ગાંધીનગર જિલ્લામાં પી.આઈ. બનીને આવ્યા છે. તે ઉપરાંત ૧૨૩ પી.આઈ.ની બદલીઓ થવા પામી હતી. જેમાં ગાંધીનગર જિલ્લાના કોઈ પી.આઈ. બદલાયા નથી. જો કે બીજા જિલ્લામાંથી એક પી.આઈ. બદલી સાથે ગાંધીનગર જિલ્લામાં મુકાતા જિલ્લાને બે પી.આઈ. મળ્યા છે. આજે મોડી સાંજે રાજયમાં ૨૫૫ પી.એસ.આઈ.ની બદલીઓના આદેશ થયા છે. જેમાં ગાંધીનગર જિલ્લામાંથી ૧૩ પી.એસ.આઈ. અન્ય જિલ્લામાં જયારે બીજા જિલ્લાઓમાંથી ૧૨ પી.એસ.આઈ. ગાંધીનગર જિલ્લામાં મુકાયા છે.

ટચૂકડી જાહેર ખબર
જોઈએ છે
ફિક્સ પગારથી કોમ્પ્યુટર ઓપરેટર જોઈએ છે. બાયોડેટા સાથે સોમવારે રૂબરૂ મળો.
બી-૩, ઉમિયા કોમ્પલેક્ષ, સ્વામિનારાયણ ધામની બાજુમાં, કોબા હાઈવે, ગાંધીનગર